# SYNOPSIS

## રૂ પ રે ખા

"A Critical Study of Shamal's *'Nanda-batrisi'*
in its contextual and historical perspectives."

### `શામળની `નંદબત્રીસી'નો વિવેચનાત્મક અભ્યાસ : એના તુલનાદર્શી અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં'

o

મધ્યકાલીન લોકકથાસાહિત્યમાં શામળની પદ્યવાર્તાઓનું એક વિશિષ્ટ સ્થાન છે ને એમાં 'નંદબત્રીસી' વિશેષ નોંધપાત્ર છે. મધ્યકાલીન સાહિત્ય-પરંપરામાં 'નંદબત્રીસી' ઘણા કવિઓની મળે છે એટલે કે આ વિષ્યવસ્તુ ઘણું લોકપ્રિય તેમ કવિપ્રિય પણ હતું. અહીં મધ્યકાલીન સાહિત્યપંરાપરા અને પદ્યવાર્તા-સ્વરૂપની ભૂમિકા સાથે તેમજ એના ઐતિહાસિક તથા તુલનાદર્શી સંદર્ભમાં શામળની 'નંદબત્રીસી'ના સ્વરૂપને તપાસવાનું મેં સ્વીકાર્યું છે.

સાત પ્રકરણો તથા બે પરિશિષ્ટોમાં રજૂ કરેલાં મારા શોધનિબંધની રૂપરેખા આ મુજબ છે :

**પ્રકરણ : ૧ ભૂમિકા : પ્રાચીન ભારતીય કથાસાહિત્ય – વિહંગાવલોકન**

પ્રાસ્તાવિક આ પ્રકરણમાં ભારતીય કથાસાહિત્યનાં પ્રાચીનતમ કથાનકોના સમય અને સ્વરૂપ વિશે તથા એની રચના પાછળ માનવના ચૈતસિક વ્યાપારોની ભૂમિકા અંગે સંક્ષેપમાં ચર્ચા કરીને, એ પછી, કાળક્રમે અનેકવિધ રૂપોએ અને પ્રકારોએ વિકસેલી લોકથાઓ અંગે વાત કરી છે. પ્રાચીન ભારતીય કથાસાહિત્યને બે વિભાગમાં વિભાજિત કરી ચર્ચા કરી છે : એક તે ધાર્મિક કે પૌરાણિક પુરાકથાકેન્દ્રી પ્રાચીન ભારતીય કથાસાહિત્ય, અને બીજું તે લોકરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્ય. આ કથાસાહિત્ય અને એના સ્વરૂપની તથા ભારત બહાર વિવિધ દેશોમાં એ કથાસાહિત્યના થયેલા સંચરણ અંગે પણ પર્યાપ્ત ચર્ચા કરી છે.

**પ્રકરણ ૨. મધ્યકાલીન સાહિત્યસ્વરૂપોના સંદર્ભમાં પદ્યવાર્તાનાં સ્વરૂપલક્ષણો**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સાંસ્કૃતિક પરંપરા અને પદ્યપરંપરાની સંક્ષિપ્ત ભૂમિકા કરીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જોવા મળતાં પદ્ય અને ગદ્ય સ્વરૂપનું વર્ગીકરણ કરી એનો સમીક્ષાત્મક

અભ્યાસ કર્યો છે. વિશેષે કરીને, પદ્યનાં વર્ણનાત્મક/કથનાત્મક સ્વરૂપો જેવાં કે પ્રબંધ, ચરિત્ર, રાસ, આખ્યાના સંદર્ભમાં પદ્યવાર્તાના સ્વરૂપને તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. એ દ્વારા પદ્યવાર્તાના સ્વરૂપની વ્યાવર્તક, તેમજ એની આગવી, લાક્ષણિકતાઓ તારવી આપવાનો પ્રયત્ન કર્યો છે.

**પ્રકરણ : ૩. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તા – એક દષ્ટિપાત**

સૌ પ્રથમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તાના ઉદ્ભવ અંગે વાત કરીને ત્યાર બાદ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં શામળ પૂર્વે પદ્યવાર્તા, શામળની પદ્યવાર્તા અને શામળ પછી પદ્યવાર્તા – એ પ્રમાણે ત્રણ તબક્કાઓની ચર્ચા કરી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય પદ્યવાર્તાકારો અને પદ્યવાર્તાઓ ઉપર દષ્ટિપાત કરી પદ્યવાર્તામાં ખેડાયેલી મુખ્ય કથાઓ કે કથાપરંપરાઓ, એના સ્વરૂપમાં થતા રહેલા ફેરફારો અને વિકાસ અંગે નિરીક્ષણો મૂકવામાં આવ્યાં છે.

**પ્રકરણ : ૪ શામળ : પદ્યવાર્તાઓ તેમજ અન્ય કૃતિઓ**

સૌ પ્રથમ શામળના જીવન અંગેની આધારભૂત વિગતો વિશે તથા એની કૃતિઓનાં રચનાકાળ વિશે કૃતિ-અંતર્ગત પ્રમાણોને આધારે–ચર્ચા હાથ ધરી છે. ત્યાર બાદ શામળની પદ્યવાર્તાઓ અને એના અન્ય સર્જનનો સમીક્ષાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. 'પદ્માવતી', 'ચંદ્રચંદ્રાવતી' 'મદનમોહના', 'સિંહાસનબત્રીસી' (એ અંગર્તત આવતી 'વેતાલપચીસી') – એ બધી પદ્યવાર્તાઓ અંગે સ્વતંત્ર સમીક્ષાઓ કરી અંતે બધાને આધારે શામળની પદ્યવાર્તાકાર તરીકેની લાક્ષણિકતાઓ તારવી છે. તેવી રીતે 'ઉદ્યમકર્મસંવાદ', 'રાવણમંદોદરી સંવાદ', 'અંગદવિષ્ટિ' જેવાં સંવાદકાવ્યો; 'રૂસ્તમનો સલોકો' 'રણછોડજીનો સલોકો' (બોડાણાનું આખ્યાન) જેવાં સલોકાકાવ્યો અને 'શિવપુરાણ' જેવી આખ્યાનાત્મક કૃતિ–વગેરેની સંક્ષેપમાં સમીક્ષા કરી શામળના અન્ય સર્જન સંદર્ભે એની લાક્ષણિકતાઓ તારવી છે. પ્રકરણને અંતે શામળની પદ્યવાર્તાઓ અને અન્ય કૃતિઓને આધારે સમગ્રપણે શામળની સર્જક-પ્રતિભાને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

**પ્રકરણ - ૫. ભૂમિકા : 'નંદબત્રીસી'ની પૂર્વપરંપરા અને શામળકૃત 'નંદબત્રીસી'નો સમીક્ષાત્મક અભ્યાસ.**

નિબંધના આ કેન્દ્રીય પ્રકરણને 'અ' અને 'આ' એવા બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે:

[અ] 'નંદબત્રીસી'ની કથાપરંપરા ઘણી પ્રાચીન છે. સમયે-સમયે 'નંદબત્રીસી'ના કથાનકનો બ્રાહ્મણ સ્રોત, બૌદ્ધ સ્રોત અને જૈન સ્રોતમાં ઉપયોગ થતો રહ્યો છે. સંસ્કૃત, પ્રાકૃત ભાષાઓમાં આ કથાનકને

લઈને સ્વતંત્ર કૃતિ કે દષ્ટાંતકથા રચાયેલી જોવા મળે છે. 'નંદબત્રીસી'ની આ પૂર્વપરંપરાનો અભ્યાસ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કરવામાં આવ્યો છે.

[આ] શામળકૃત 'નંદબત્રીસી'ને આધારે એના પાઠ અંગે કેટલીક ચર્ચા કરી, 'નંદબત્રીસી'નો ગદ્ય કથાસાર મૂકવામાં આવ્યો છે. ત્યારબાદ શામળકૃત 'નંદબત્રીસી'ની કથનપ્રયુક્તિઓ અને કાવ્યપ્રયુક્તિઓનો વિગતે સમીક્ષાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આમ, 'નંદબત્રીસી'ની સ્વરૂપ ચર્ચા કેન્દ્રસ્થાને રાખી છે.

**પ્રકરણ– ૬ : શામળની અને અન્ય સર્જકોની 'નંદબત્રીસી'ઓનો તુલનાત્મક અભ્યાસ.**

નરપતિ, સિંઘકુલ, જસરાજ, વિમલકીર્તિ, ગદ્યમય અને પદ્યમય 'નંદબત્રીસી' રચનાર અજ્ઞાત સર્જકો, 'વાર્તા વીરોચંદ મોહતે રી' રચનાર અજ્ઞાત સર્જક અને નિત્યસૌભાગ્ય – આમ, જૂની ગુજરાતી - રાજસ્થાનીમાં 'નંદબત્રીસી' રચનાર આઠ સર્જકોની 'નંદબત્રીસી'ઓ સાથે શામળકૃત 'નંદબત્રીસી'નો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ આ સર્જકોનો અને એમની કૃતિઓનો ટૂંકમાં પરિચય આપી, વિવિધ ઘટકતત્ત્વોનો વિગતે તુલનાત્મક અભ્યાસ કરીને દરેક સર્જકની કૃતિઓનું સંવિધાન તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.એ સંદર્ભમાં 'નંદબત્રીસી'ની કથાના થયેલાં વિકાસની વાત પણ કરી છે.

**પ્રકરણ – ૭ : સમાપન**

તુલનાને અંતે શામળકૃત 'નંદબત્રીસી'નો કૃતિવિશેષ બતાવ્યો છે. ઐતિહાસિક , તુલનાત્મક, સમીક્ષાત્મક અભ્યાસને અંતે શામળની કથનપદ્ધતિ અંગેનાં નિરીક્ષણો અને નિષ્કર્ષો રજૂ કર્યાં છે તથા શામળના પ્રદાનને મૂલવ્યું છે.

**પરિશિષ્ટ :**

૧. શામળકૃત 'નંદબત્રીસી'નો પાઠ(Text)

૨. સંદર્ભગ્રંથ-સૂચિ